જોડણીના નિયમો.

યોજક

મણિલાલ છબારામ ભટ્ટ.

પંડિતજીની પોળ—અમદાવાદ.

છાપી પ્રસિદ્ધ કરનાર

હરિભાઈ દલપતરામ પટેલ.

શાહાપુર—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

અમદાવાદ શાહાપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ દલપતરામે પોતાના "અભ્યોદય" પ્રેસમાં છાપ્યા.

સને ૧૯૧૫ સંવત ૧૯૭૧

કિંમત બે આના.

સમાધાન.

આ ‘ જોડણીના નિયમો ’ એપ્રિલની આખરે પ્રુફ રૂપે આપણા મુખ્ય મુખ્ય વિદ્વાનો અને સાહિત્ય સંસ્કૃતિમાં ઉત્સાહ ધરાવનારા ગૃહસ્થો ઉપર સુધારા અને સૂચનાઓ મેળવવાને એક ખાનગી પત્ર સાથે મોકલ્યા હતા. ઘણા ગૃહસ્થોના જવાબ મળ્યા છે. તેમણે જે સૂચનાઓ કરી તે જોઇ જઇ વિકલ્પનું વર્તુલ મોટું રાખી બહુ મતે આ પરિણામે તે બહાર પાડવામાં આવે છે. કેળવણી ખાતાએ, સાહિત્ય પરિષદની જોડણી કમિટીએ તથા આ પ્રશ્નના અભ્યાસીઓએ તારવેલા મુદ્દાઓ ઉપરથી આ નિયમો મેં તૈયાર કર્યા છે, એટલે આમાં મારું કંઇ નથી, તોપણ મને જણાવતાં આનંદ ઉપજે છે કે, મેં તારવી કાઢેલા આ નિયમો તરફ ગુજરાતી વિદ્વાનોની બહુમતી આવી છે. થોડાક નિયમોથી નહિ પણ જોડણીના એકાદ કોષથી લેખકોને માર્ગ દેખાડાય તેમ છે, કારણ કે જો ઉંડા ઉતરીએ તો આમાં ઠેક ઠેકાણે કેમ લખવું તેનો ગુંચવાડો પડે એવું છે.

જે ગૃહસ્થોએ પત્ર લખીને તથા પ્રુફમાં સુધારો વધારો કરી તે મને મોકલી આપવાની તસ્દી લીધી છે, તેમનો હું ઉપકાર માનું છું.

તા. ૩૦ આગસ્ટ ૧૯૧૫
અમદાવાદ.

લી.
મણિલાલ છબારામ ભટ્ટ.

જોડણીના નિયમો.

અકાર—

(૧) અસ્વરિત અથવા ઉતાવળે બોલતાં નહિ બોલાતા જેવો લાગતો શાંત અ લખવો. અક્તો નહિ પણ અકતો. રમ્મું નહિ પણ રમવું, શમવું, કુતરો, ઉપયોગી, ખાતરી, અકરાળ.

(૨) ગુજરાતીમાં જેને વિભક્તિ લાગે છે એવા વ્યંજનાંત શબ્દો 'અકારયુક્ત છે' એમ ગણીને લખવા. ભગવાન્ નહિ પણ ભગવાન; જગત્ નહિ પણ જગત, અકસ્માત, શક્તિમાન, વિપત.

(અ) વિભક્તિઓ ન લાગતી હોય એવા તત્સમ અવ્યયો વ્યંજનાંત રહેવા દેવા. પશ્ચાત્, કિંચિત્, અર્થાત્.

(૩) અર્શ અને ઓઠ જેવા અકારે અને બીજા સ્વરોએ શરૂ થતા કેટલાક શબ્દો—હરસ, હોઠ એમ લખાય છે તેનો—અને એથી ઉલટું હકારના શબ્દો—હથોડી હગવું, હોળવું વગેરે અથોડી, અઘવું, ઓળવું, એમ અકારે અને સ્વરે લખાય છે તે કોષ જોઈને લખવા.

હસ્તી નહિ પણ અસ્તિ (માણસ, વસ્તુ વગેરેની) અમારું, એનું, એવું ઓઝરી—હમારું, હેનું, હેવું, હોજરી નહિ, તેમજ હોદ્દો નહિ પણ ઓધ્ધો વગેરે.

આકાર—

(૪) રકાબી, ગધાડું, ઘરાણું; એમ કેટલાક શબ્દો આકારે અને એકારે બોલાય છે તે એકારે લખવા:—ગધેડું, રકેબી, ઘરેણું.

ઇઈકાર—

(૫) ગુજરાતી શબ્દોમાં અંત્ય ને ઉપાંત્ય ઇ દીર્ઘ:—

ઘી, બી, પી (ધાતુ) કીડી, કોડીલી હઠીલી, કકડી, કૂકડી, કીડા, સીસો, લીલું, પીળું, સીસું, વકીલ, ગરીબ, કબીલો.

(૬) અંત્ય ને ઉપાંત્ય આગળની ઇ હ્રસ્વાક્ષર પહેલાં દીર્ઘ અને દીર્ઘાક્ષર પહેલાં હ્રસ્વ:—ખીચડી, શીખવું, પીપુડી.

(અ) છેલ્લા ત્રણ અક્ષર પહેલાંની इ -હ્રસ્વ બોલાય છે માટે વિકલ્પ રાખવો:–નિકળવું, નીકળવું, કિરમજી, કીરમજી, ખીલવણી–ખિલવણી.

(૭) મૂળ કે સાધિત શબ્દના અંગમાંની ઇ પછી સ્વર નહિ રાખતાં યકાર કરવો ને ઇને -હ્રસ્વ લખવી.

દરિયો, ફરજિયાત, દરમિયાન, કડિયો, પડિયો, અગિયાર, કોડિયું, ગુણિયેલ, નાળિયેર, ઘડિયાળ, રૂપિયો, કાંમિયો, કીડિયારું, શિયારાજ્ય.

(અ) પણ વચન, વિભક્તિ અને ક્રિયાપદના સ્વર પ્રત્યયો આગળ ઇકાર જેમનો તેમ રાખવો.

સીઓ, સીએ, પીઓછો, પીએ છે.

કડીઓ, કડીએ, ભમીએ, જઇએ, ખાઇએ છીએ.

(૮ જોડાક્ષર પહેલાંની અને સાનુસ્વાર ઇ -હ્રસ્વ:–

ભિસ્તી, ખ્રિસ્તી, શિંગોડું, સિંધુ, અહિં, તહિં, કિસ્ત, ખિસ્કોલી, પિસ્તાળીસ, કિસ્સો.

(અ) કેટલાક પોચા અનુસ્વાર ન લખીએ તો ઇ દીર્ઘ કરવી.

પીપર, પીછું, વીટી, વીછી, પીજવું ટીપું, વીટવું, વીજણો, કીમત.

(૯) સમાસમાં મૂળશબ્દની જોડણી કાયમ રાખવી.

કીડીમંકોડી, પાણીદાર, અડીઓપટી, ઘીકેળાં, જડીબુટ્ટી, ચાટીદાર, ગાડીવાન, હીરાકણી, ભીલીરાણી.

(૧૦) તત્સમ શબ્દોની ઇ જેમ અસલ હોય તેમજ રાખવી.

નીતિ, મતિ, કાંતિ, મણિ, કીનો, દિલ, વગેરે.

ઉઅકાર—

(૧૧) ગુજરાતીમાં ઉનું વલણ -હ્રસ્વ તરફ છે માટે -હ્રસ્વ લખવું ઉઠવું, ઉડવું, ઉગવુ, કબુલ, ખજુર, મહેસુલ, કુરકુર, ધરકવું, અમુરું, સુતાર, ચુનો, ચુનો, સુકો, જુનું, જુદું.

(૧૨) એકાક્ષરી શબ્દમાંનું નિરનુસ્વાર ઉ દીર્ઘ.

જૂ, બૂ, રૂ, લૂ. સૂ, ચૂ (ધાતુ)

(૧૩) સાનુસ્વાર ઉ બધેજ -હ્રસ્વ.

હું, તું, શું. ખુંટ, ઉંટ, ઉંઘ. ચુંટ લુંટ, ઘુંટણ

(૧૪) જોડાક્ષર પહેલાંનું અને છેલ્લા બે અક્ષરની આગળનું ઉ બધેજ -હ્રસ્વ. ચુસ્ત, કુસ્તી, કુક્કર, જુસ્સો.

કુતરું, સુતર, સુરજ, કુહાડી, કુદકો, છુટક, સુપડું, ટુકડી, ચુરણ, જુલમ, હુકમ, કુમક, ટુટક, સુસવાડ, કુલકણી, પુરવણી, કુલણજી, ઘુઘવવું.

(૧૫) બે અક્ષરના શબ્દમાં છેલ્લો અક્ષર અકારાંત -હ્રસ્વ હોય તો ઉત્પાંત્ય ઉ દીર્ઘ.

દૂધ, કૂખ, ચૂપ, ફૂલ, ખૂબ, બૂટ, ધૂપ, ભૂખ, લૂણ, બૂજ, ભૂત, મૂળ, ચૂક, ખૂન. શૂર, નૂર.

(૧૬) પ્રત્યયો લાગીને બનતા શબ્દોમાં (વિકલ્પે) અને સમાસમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી.

ખૂન+ઇ=ખૂની, દૂધિયું, મૂળિયું. દૂધાળું, ધૂપેલ, શૂરાતન, શૂરી, ભૂતાવળ. (વિકલ્પ: ધુપેલ, દુધાળું વગેરે.)

(સમાસ) દૂધપાક ચૂપચાપ, ફૂલવાડી, ખૂબસૂરત, ઉડાઉડ, દૂધભાઇ, અચૂક, ભૂખતરસ, ખૂનખાર, અલૂણું.

(૧૭) શબ્દના અંગમાં ઉકાર -હ્રસ્વ અને ઓને બદલે વો લખવો, પણ વચન, વિભક્તિ અને ક્રિયાપ્રત્યયો આગળ સ્વર પ્રત્યયો ને મૂળશબ્દ જેમનાં તેમ રાખવાં.

કુવો, દુવો, કુવો, લુવો, ભુવો, જુવો, ફુવો ટુવાલ તુવેર શુવેર, કુંવર, વાવડી, ભાવડું. (કુઓ, ટુઓ એમ નહિ.)

સૂ સૂઉં, સૂએ, સૂઓ છો. પાણી ચૂએ છે.

જૂનું બ. વ. જૂઓ, જુવો નહિ.

બૂ—ત્રીજીવિભક્તિ—બૂએ બુરખો નાંખ્યો.

(૧૮) કેટલેક ઠેકાણે શબ્દમાં વો પહેલાનું ઉ તદ્દન ઉડી જાય છે.

:—લાડુ+વો=લાડવો, ગડવો, ભડવો, ચાટવો, આગવો, સાથવો, વડવો.

ઋકાર—

(૧૯) ઋકાર ગુજરાતીમાં વાપરવો :—રૂખી નહિ પણ ઋષિ, રેતુ નહિ પણ ઋતુ, રૂજુ નહિ પણ ઋજુ, રણ કે રૂણ નહિ પણ ઋણ, રૂદ્ધિ નહિ પણ ઋદ્ધિ.

એકાર—

(૨૦) એ ના ચંપાયેલા પહોળા ઉચ્ચાર બતાવવાને ચિહ્ન યોજવાં નહિ. :—કેડ, એઠ.

(૨૧) ક્રિયાપદમાં એ, એલું, ય, યેલું માટે વિકલ્પ રાખવો, પણ એકધારું લખવું. થએલું=થયેલું. ગાય છે, ગાયેલું. જોય છે, જોયેલું. પાય છે, પાયેલું વગેરે.

(૨૨) આઠમ, આઠેમ જેવા શબ્દો માટે વિકલ્પ, પણ એકધારું લખવું. પુનમ-પુનેમ, ઘાંચણ—ઘાંચેણ, વાઘણ વાઘેણ, ડાંગર—ડાંગેર, વાણિયણ—વાણિયેણ, ગુણિયલ—ગુણિયેલ, નાળિયર—નાળિયેર, દિયર, પિયર, મહિયર.

ઐકાર—

(૨૩) અઈ, આઇને ઠેકાણે ઐ બોલાય છે અને તેથી ઉલટું ઐને બદલે અઇ આઇ બોલાય છે તે કોષ જોઇ લખવું.

(અઈઆઇનાં) ભૈ કે ભઇ નહિ પણ ભાઇ.

ભવૈ=ભવાઇ (ભવાયો.) બૈ-બાઇ, ગૈ=ગાઇ, વગેરે.

(ઐનાં)—પઇડું નહિ પણ પૈડું, ઘોલૈયો, ઘેરૈયા, બૈરું, જાનૈયા.

(૨૪) રકાર ઉડાડી દઈ આગલોઅક્ષર ઐકારે બોલાય છે તેમ લખવું નહિ પણ રકાર લખવો.

પૈણવું નહિ પણ પરણવું. ઘૈડું નહિ પણ ઘરડું, કૈડવું+કયડયું નહિ પણ કરડવું કરડયું. ખૈડો નહિ ખરડો, કૈડું નહિ કરડું, ઘૈડપણ કે ઘડપણ નહિ પણ ઘરડપણ.

ઓકાર—

(૨૫) ઓનો ચંપાયેલો પહોળો ઉચ્ચાર બતાવવાને—પણ ચિહ્ન યોજવું નહિ. : કોઠી, ગોળ, બોડ.

(૨૬) પ્રત્યય ઓ જેમનો તેમ રાખવો. :—જૂઓ (માથાની) કડીઓ (કડીનું. બ. વ.)

(૨૭) શબ્દના અંગમાંના ઓ ને-યો ને વો કરવો.

દરિઓ નહિ પણ દરિયો, કડિયો (ચણનાર) કૂઓ, કુઓ નહિ પણ કુવો, કુવો, લૌવો.

ઔકાર—

(૨૮) અઉ, આઉ ને ઠેકાણે ઔ તેમજ તેથી ઉલટું ઔને બદલે અઉ આઉ બોલાય છે, તેનો વિવેક કરવો. ચઉદું નહિ પણ ચૌદું, ચૌદ, ટૌકો, ઔંસ, પૌંવા. (પણ) બૌધરો નહિ પણ બાઉધરો, બૌલી નહિ પણ બાઉલી, બાઉલું તેમજ સૌ ને સઉ.

અં–અનુસ્વાર—

(૨૯) અનુનાસિક અક્ષરને બદલે અનુસ્વાર વાપરવો. ગઙ્ગા=ગંગા; શાન્ત=શાંત, ખણ્ડ=ખંડ, વગેરે.

(૩૦) પોચા કે મંદ અનુસ્વારને માટે ચિહ્‌ન યોજવું નહિ. કેટલેક ઠેકાણે પોચો અનુસ્વાર નહિ વાપરતાં તેને લગતો સ્વર દીર્ઘ લખવો : કિંમત=કીમત લિંબડા=લીમડા. પિંછું=પીછું.

(૩૧) અનુનાસિક અક્ષરો અને ખ, ચ, સ વગેરે અક્ષરોની પહેલાંના અક્ષર ઉપર ગણગણતો અનુસ્વાર બોલાય છે તે જોઇ વિચારીને લખવો—કાનનું કાંન, ખાણનું ખાંણ, વાચનું વાંચ, કસારનું કંસાર, પરાંણો, વગેરે.

(૩૨) વિભક્તિઓ લાગતાં જેમાં વિકાર ન થાય તે ઉ ઉપર અનુસ્વાર નહિ. ધાડપાડુન મારો. લાડુ, લિંબુ, સાબુ, સમજુ, આંસુ, અણુ, ભેદુ, આળસુ, પીઉ, ઉડાઉ.

અપવાદ—ઘઉં, પાઉં.

ક ઘકાર—

(૩૩) મહાપ્રાણનું દ્વિત્વ—ખક્ખો, ઘગ્ઘો, છચ્છો, ઝજ્ઝો ઠટ્ઠો, ઢડ્ઢો થત્થો, ધદ્ધો, ફપ્ફો, ભબ્ભો, વગેરેમાં મહાપ્રાણની સાથે અલ્પપ્રાણ જોડાય એવો સંસ્કૃત નિયમ છે, પરંતુ ગુજરાતીમાં

મહાપ્રાણ સાથે મહાપ્રાણ જોડવાની રૂઢિ ચાલે છે અને પ્રાકૃત પ્રમાણે ઠીક છે, માટે વિકલ્પ રાખવો. ચોક્ખું અને ચોખ્ખું, છટ્ઠું, છઠ્ઠું, પત્થર પથ્થર, ઝભ્ભો, ઝભ્ભો.

(૩૪) ક, ખ અને ગ, એક બીજાને બદલે બોલાય છે તે કોષ જોઇ લખવા. તરીકે—ઢોરઢાંકર—ઢોરઢાંખર, પોંખ—પોંક. મુકટો—મુગટો, પ્રકટ—પ્રગટ, મુકટ—મુગટ.

(૩૫) ગ ને ઘ માટે પણ એજ પ્રમાણે કરવું.

ગૂઢ, ઘૂડ નહિ. ગાઢ—ઘાડ નહિ. ગરોળી ઘરોળી ઘોઝારું નહિ પણ ગોઝારું. અફઘાન—અફ્ઘાન, ઘંભીર નહિ પણ ગંભીર, મોઘરી નહિ પણ મોગરી.

ચ—ઝકાર—

(૩૬) ચ, છ, અને જ, ઝ એક બીજાને ઠેકાણે બોલાય છે. રાચરચીલું=રાછરછીલું. ચતું=છતું, સમજણ=સમઝણ, મજા—મઝા.

ટ—ઢકાર—

(૩૭) ટ, ઠ, અને ડ, ઢ એક બીજાને ઠેકાણે બોલાય છે તેનો વિવેક કરવો. કટેરો—કઠેરો. (ષ્ટ ને ષ્ઠ) શિષ્ટ, પૃષ્ઠ—છાસટ=ગસઠ. અડસઠ. વિટંબણા નહિ પણ વિડંબના. ડ ને બદલે ઢ બોલાય છે તે ઙકારમાં જોવું.

(૩૮) કાઠિયાવાડમાં જ્યાં ડ બોલાય છે ત્યાં બીજે લ લખાય છે. સાડલો સાલ્લો. ચાંદલો=ચાંલ્લો, સુંડલો સુંલ્લો.

ણ—નકાર—

(૩૯) ણ ને ન એક બીજાની વતી બોલાય છે જેમકે—

ચણોઠી=ચનોઠી, પિછાણ=પિછાન.

ત—ધકાર—

(૪૦) ત ને ટ, થ ને ઠ, દ ને ડ, ઢ ને ધ, વગેરે અક્ષરો એક બીજાને ઠેકાણે બહુ સાધારણ છે માટે તેનો વિચાર કરીને લખવું. તકરાર=ટકરાર, તૂટવું ટૂટવું, થંડી=ઠંડી, દાબવું=ડાબવું. દાબડો=ડાબડો, બંદીવાન=બંધીવાન. ખંદું=ખંધું.

प–मकार—

(૪૧) પ, ફ, બ, ભ, આ અક્ષરો પણ એક બીજાને બદલે બોલાય છે માટે વિવેક કરવો. ભપકો=ભભકો. જુલાપ નહિ પણ જુલાબ (ગુલાબ ઉપરથી) ડપકો=ડબકો, ડભકો. ડબકી, ડાભડી ડાબડી.

म–म्बकार—

(૪૨) અનુનાસિક મ્ પૂર્ણ થઇ બ તદ્દન ઉડી જાય છે. આમ્બલી, તુમ્બડું, ચામ્બડું=આમલી, તુમડું, ચામડું કામળી, આમળું, કામડું, લીમડો, પુમડું.

यकार—

(૪૩) આવ, લાવ, આંખ, વગેરે ઘણા શબ્દોમાં યકાર બોલાય છે પણ લખાતો નથી માટે ન લખવો.

ઢાલ, ફૂટ, છૂટ, શુંઠ, જનાનો જાત, નાત, જુબાની જોસ.

रकार—

(૪૪) ર, લ, ડ, ળ, અને ઇ ને ઠેકાણે યકાર બોલાય છે પણ મૂળમાં આ અક્ષરો હોવાથી લખવામાં મૂળને અનુસરવું. દોયડું નહિ પણ દોરડું. ઓયડી ઓરડી બોયડી=બોરડી. પાયણું=પાલણું. ખાંયણી=ખાંડણી. દયણું દળણું. ગયણી=ગળણી. બાયડી=બાઇડી.

(૪૫) ડ ને બદલે ર લખાય છે ને બોલાય છે તેમજ ર, લ, અને ડ પણ એક બીજાને બદલે ચાલે છે તે વિકલ્પે લખવા.

ઉરાડવું તેમજ ઉડાડવું, બેસારવું બેસાડવું, બેસાર્યો બેસાડયો વગેરે, અરધું અને અડધું.

ल–ळकार—

(૪૬) લ અને ળ નો વિવેક કરી ગુજરાતીમાં શોભે તેમ લખવું. સંસ્કૃતાભિમુખ થવાને ‘ ગોળી ’ નું ‘ ગોલી ’ કરવું નહિ. કાલ અને કાળ, ગાલ અને ગાળ, ગલી અને ગળી.

शषसकार—

(૪૭) ભેંશ, છાશ, દશ, અસલ, (અશલ) વગેરે ઘણા શબ્દોમાં પ્રાંતિક ભેદને લીધે श स અને स श બોલાય છે માટે વિવેક કરી મૂળ ને વ્યુત્પત્તિ ઉપર વિચાર કરી લેખવું.

(૪૮) ષ વાપરવો અને તેને બદલે ખ લખવો કે બોલવો નહિ. અભિલાખ નહિ પણ અભિલાષ, ખટ–ષટ, ખટ્પદ=ષટ્પદ. વિશે નહિ વિષે.

(૪૯) ઇ અને ય ને લીધે મૂળના સ ને શ કરવો નહિ.

હસવું–હશીને કે હશ્યો નહિ પણ હસીને અને હસ્યો, શિવાય નહિ પણ સિવાય, સિપાઇ વગેરે.

હકાર—

(૫૦) ગુજરાતીમાં હકારને માટે ત્રણ રીત રાખવી–

(અ) ન લખવો. જેમકે મારું, તમારું, બેન, મોટું, નાનું, બાવરું, બીવું, દેરું, બાંય, ડાળવું. ગુનો.

(બ) લખવો. જેમકે પહેરવું, કહેવું, પહેલું, વહાલું સહેલું, બહેન, મહોટું.

(ક) નહાવું ને નાહવું, ચહાવું ને ચાહવું. ડહાપણ ને ડાહપણ દહાણી જે દોહણી, લોહવું. સોહવું, સાહવું. આવો જ્યાં ભેદ છે ત્યાં વિકલ્પ રાખવો, છતાં એકધારું લખવા યત્ન કરવો. (જો ડહાયું લખો તો પછી ડહાપણ ડહાઇ, ડહાયો એમ લખો અને જો ડાહ્યું લખો તો પછી ડાહપણ ડાહી ને ડાહ્યો એમ લખો.)

(ડ) ડને હવાળા શબ્દોમાં ઢ કરવો. કહાડવું નહિ પણ કાઢવું, દહાડી=દાઢી, લહોડું=લોઢું મહોડું મોઢું. વાઢવું, પણ લડવું ને લડાઇ.

પરચુરણ નિયમો—

(૫૧) કિમ્મત, ગમ્મત, દખ્ખણ, એવા શબ્દોમાં શબ્દનું વજન ફરતાં દ્વિત્વ ઉડી જાય છે. કીમતી, ગમતી, દખણી, અક્કલ=અકલી, કમ્મર=કમરબંધ.